| GJRJ180000302015 | RECEIVED ON | 03/04/2015 |
|---|---|---|
| | REGISTERED ON | 03/04/2015 |
| | DECIDED ON | 16/07/2024 |
| | DURATION | DYS. MTHS. YRS |
| | | 13 03 09 |

**મોરબી જિલ્લાની સીટીંગ મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ, મુકામ–મોરબી.**

**રેફરન્સ(એલ.સી.આર.) નં.૨૯/૨૦૧૫**

**આંક–૨૧**

**પ્રથમ પક્ષકાર:–** દેવદુત સેનેટરી વેર્સ,
૮–એ, નેશનલ હાઈ–વે,
પો.બો. ૩૬૦, પી. પી. ડબલ્યુ.
લાલપર, મોરબી.

**વિરૂઘ્ધ**

**બીજા પક્ષકાર:–** વિજય રમેશભાઈ ચૌહાણ,
હિન્દુ, ઉ.વ. ૩૪, ધંધો :– બેકાર,
રહે. આંબેડકર નગર, નવાગામ રોડ,
થાન.
C/o આર. એલ. સખરાણી એડવોકેટ,
'સ્ટાર પ્લાઝા', ઓફીસ નં.–૪૨૩,
ચોથા માળે, કુલછાબ ચોક, રાજકોટ.

**હાજર રહયા :–** પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી એ. એસ. ગોગીયા
બીજા પક્ષકાર તરફે વિ.વ.શ્રી આર. એલ. સખરાણી,(રીટાયર્ડ)

**–:: એવોર્ડ ::–**

(૧) સદર રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતની કચેરી રાજકોટના હુકમ ક્રમાંક: કે.એચ./એસ/એચ.એમ.સી./આર.એ.જે./૦૫/૨૦૧૪/આર.ટી.તા.૧૧/૦૩/૨૦૧૫ થી બીજા પક્ષકાર વિજય રમેશભાઈ ચૌહાણને તેમના પડેલા દિવસોના પુરેપુરા પગાર અને આનુષાંગિક લાભો સાથે સળંગ નોકરીથી તેમની નોકરીની મુળ જગ્યાએ જાન્યુ–૨૦૦૯ થી પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ? તે મુદ્દાના ન્યાય નિર્ણય અર્થે અત્રેની કચેરીને તબદીલ કરવામાં આવેલો છે.

(૨) રેફરન્સ કોર્ટમાં આવ્યા બાદ બીજા પક્ષકારે આંક–૯ થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં જાન્યુ–૨૦૦૮ થી ભરાઈ ખાતામાં કારીગર તરીકે છેલ્લે રૂા. ૩૦૦/– ના રોજથી ફરજો બજાવતા હતા. તેઓને પ્રથમ પક્ષકારે અઠવાડીક રજા, હકક રજા, બોનસ, જાહેર તહેવારોની રજા કે અન્ય કોઈ રજાના લાભ આપેલ નથી તેઓ પાસેથી રોજ

બે કલાક ઓવર ટાઇમ લઈ તેનો પગાર આપેલ નથી. તેઓની સળંગ નોકરી થયેલી હતી. તેમને તા.૧૭/૧૦/૨૦૧૪ ના રોજથી મૌખીક હુકમથી તેઓનો કોઈ પણ જાતનો વાંક ગુનો ન હોવા છતાં અનફેર લેબર પ્રેકટીસ આચરી નોટીસ કે નોટીસ પગાર તેમજ છટણી વળતર આ પ્યા સીવાય છુટા કરેલા છે. તેઓને છુટા કરતા અગાઉ કોઈ ખાતાકીય તપાસ હાથ ધરેલી નથી અને તેમની પાસેથી કોરા કાગળોમાં તેમજ વાઉચરો ઉપર સહીઓ લઈ લીધેલી છે. સામાવાળાને લેખીતમાં તા.૨૯/૧૦/૨૦૧૪ ના રોજની નોટીસ આપવા છતાં અને રૂબરૂ મળ ી વિનંતી કરવા છતાં સામાવાળાએ કોઈ જવાબ આપેલ નથી કે કામ ઉપર લીધેલ નથી. પ્ર થમ પક્ષકારનું તેઓને આઈ.ડી.એકટની કલમ ૨૫ (એફ)નું પાલન કર્યા સીવાય છુટા કરવાનું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. પ્રથમ પક્ષકારે છુટા કરતા અગાઉ કોઈ સીનીયોરીટી લીસ્ટ બતાવેલ નથી કે સંસ્થામાં ચોટાડેલ નથી અને તેમને છુટા કર્યા ત્યારે તેમનાથી જુનીયર કામદારોને નોકરીમાં ચાલું રાખેલા છે. આ રીતે ઔધોગિક વિવાદ ધારાની કલમ ૨૫ (જી) અને નિયમ–૮૧ નો ભંગ પ્રથમ પક્ષકારે કરેલો છે. તેઓને છુટા કર્યા પછી નવાની ભરતી પ્રથમ પક્ષકારે કરેલી છે અને તે રીતે ઔધોગિક વિવાદ ધારાની કલમ ૨૫ (એચ)નો પણ ભંગ પ્રથમ પક્ષકારે કરેલો છે જેથી પ્રથમ પક્ષકારનું પગલુ રદ કરી માંગ્યા મુજબની દાદ અપાવવા જણાવેલું છે.

(૩) પ્રથમ પક્ષકારે આંક–૧૦ થી જવાબ રજુ કરી બીજા પક્ષકારના માંગણાના નિવેદનની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે, તેઓ અને બીજા પક્ષકાર વચ્ચે કામદાર માલીકના સંબંધ ન હતા. બીજા પક્ષકારને તેઓએ કયારેય નિમણુંક જ આપેલી ન હોઈ તેઓને છુટા કરવાનો કે તેમને નોટીસ પગાર, છટણી વળતર આપવાનો કે આઈ.ડી.એકટની કલમ ૨૫(એફ), (જી), (એચ)નો ભંગ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બીજા પક્ષકારે આંક– ૧૨ થી દસ્તાવેજો માંગતી અરજી આપેલી જેમાં તા.૨૨/૦૮/૨૦૨૩ ના રોજ હુકમ કરી ૨૦૦૯ થી ૨૦૧૪ ના સમયગાળાના હાજરી પત્રક, પગાર પત્રકની નકલ રજુ કરવા વિકલ્પે સોગંદનામુ રજુ કરવા પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ હુકમ કરવામાં આવેલો છે.

પ્રથમ પક્ષકાર તર્ફે આંક–૧૩થી અરજી રજુ કરી રેફરન્સ એલ.સી.આર. નં.૨૬/૨૦૧૫માં દસ્તાવેજોની અરજી અન્વયે થયેલ હુકમ મુજબ તેઓએ રજુ કરેલ દસ્તાવેજોની સેલ્ફ સર્ટીફાઈડ નકલોને આ કામે પણ ધ્યાને લેવા જણાવેલ છે. જે ગ્રાહ્ય રાખવામાં આવેલ છે.

(૫) બીજા પક્ષકારના એડવોકેટ રીટાયર્ડ થતાં બીજા પક્ષકારને રજી. એડી થી નોટીસ બજવવા છતાં તેઓ હાજર ન રહેતા અને કોઈ પુરાવો રજુ ન કરતા આંક–૧૮ હેઠળ હુકમ કરી બીજા પક્ષકારનો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલો છે.

(૬) પ્રથમ પક્ષકારે આંક– ૧૯ ની પુરસીસથી તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૭) બીજા પક્ષકાર તરફે દલીલો માટે કોઈ હાજર ન રહેતા આંક– ૨૦ હેઠળ હુકમ કરી દલીલનો હકક બંધ કરવામાં આવેલો છે. પ્રથમ પક્ષકાર તરફે તેમના વિ.વ.શ્રી એ. એસ. ગોગીયાએ મૌખીક દલીલો કરેલી છે.

(૮) દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધું મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## મુદ્દા :–

(૧) શું બીજા પક્ષકાર સાબીત કરે છે કે, તેઓની પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર છટણી કરેલી છે?

(૨) શું બીજા પક્ષકારને નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર અને આનુષાંગિક લાભો સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ?

(૩) શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

(૧૦) મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે બીજા પક્ષકારની રજુઆત એવી છે કે, તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં જાન્યુ–૨૦૦૮ થી ભરાઈ ખાતામાં કારીગર તરીકે છેલ્લે રૂા. ૩૦૦/– ના રોજથી ફરજો બજાવતા હતા. તેઓને પ્રથમ પક્ષકારે અઠવાડીક રજા, હકક રજા, બોનસ, જાહેર તહેવારોની રજા કે અન્ય કોઈ રજાના લાભ આપેલ નથી તેઓ પાસેથી રોજ બે કલાક ઓવર ટાઈમ લઈ તેનો પગાર આપેલ નથી. તેઓની સળંગ નોકરી થયેલી હતી. તેમને તા.૧૭/૧૦/૨૦૧૪ ના રોજથી મૌખીક હુકમથી તેઓનો કોઈ પણ જાતનો વાંક ગુનો ન હોવા છતાં અનફેર લેબર પ્રેકટીસ આચરી નોટીસ કે નોટીસ પગાર તેમજ છટણી વળતર આપ્યા સીવાય છુટા કરેલા છે. તેઓને છુટા કરતા અગાઉ કોઈ ખાતાકીય તપાસ હાથ ધરેલી નથી અને તેમની પાસેથી કોરા કાગળોમાં તેમજ વાઉચરો ઉપર સહીઓ લઈ લીધેલી છે. સામાવાળાને લેખીતમાં તા. ૨૯/૧૦/૨૦૧૪ ના રોજની નોટીસ આપવા છતાં અને રૂબરૂ મળી વિનંતી કરવા છતાં સામાવાળાએ કોઈ જવાબ આપેલ નથી કે કામ ઉપર લીધેલ નથી. પ્રથમ પક્ષકારનું તેઓને આઈ. ડી. એકટ ની કલમ ૨૫ (એફ)નું પાલન કર્યા સીવાય છુટા કરવાનું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. પ્રથમ પક્ષકારે છુટા કરતા અગાઉ કોઈ સીનીયોરીટી લીસ્ટ બતાવેલ નથી કે સંસ્થામાં ચોટાડેલ નથી અને તેમને છુટા કર્યા ત્યારે તેમનાથી જુનીયર કામદારોને નોકરીમાં ચાલું રાખેલા છે. આ રીતે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ (જી) અને નિયમ–૮૧ નો ભંગ પ્રથમ પક્ષકારે કરેલો છે. તેઓને છુટા કર્યા પછી નવાની ભરતી પ્રથમ પક્ષકારે કરેલી છે અને તે રીતે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ (એચ)નો પણ ભંગ પ્રથમ પક્ષકારે કરેલો છે જેથી પ્રથમ પક્ષકારનું પગલુ રદ કરી માંગ્યા મુજબની દાદ અપાવવા જણાવેલું છે.

પ્રથમ પક્ષકારનો બચાવ એવો છે કે, તેઓ અને બીજા પક્ષકાર વચ્ચે કામદાર માલીકના સંબંધ ન હતા. બીજા પક્ષકારને તેઓએ કયારેય નિમણુંક જ આપેલી ન હોઈ તેઓને છુટા કરવાનો કે તેમને નોટીસ પગાર, છટણી વળતર આપવાનો કે આઈ.ડી.એકટની

કલમ ૨૫(એફ),(જી), (એચ)નો ભંગ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**(બી)** પક્ષકારોની રજુઆત ધ્યાને રાખી રેકર્ડ જોતા પ્રથમ પક્ષકારનો મુખ્ય બચાવ બીજા પક્ષકાર અને તેઓ વચ્ચે કામદાર માલીકના સંબંધ ન હતા તેવો છે. બીજા પક્ષકારે તેઓ અને પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર માલીકના સંબંધ હતા તે બાબતે હાજર રહી કોઈ પુરાવા આપેલ નથી. જાન્યુ–૨૦૦૮ થી ૨૦૧૪ સુધી પ્રથમ પક્ષકાર સંસ્થામાં ભરાઈ ખાતામાં દૈનીક રૂા.૩૦૦/– ના વેતનથી તેઓ ફરજ બજાવતા હતા તે બાબતે કોઈ પુરાવો બીજા પક્ષકારે આ કામે રજુ કરેલો નથી.જેથી બીજા પક્ષકાર કામદાર માલીક સંબંધ હોવાની વિગત સાબીત કરી શકેલા ન હોઈ અને તેઓને પ્રથમ પક્ષકારે ગેર કાયદેસર રીતે છુટા કરેલા તેવું પુરવાર કરેલ ન હોઈ **મુદ્દા નં. ૧ અને ૨ નો જવાબ નકાર**માં આપવામાં આવે છે.

આ કામે મદદનીશ શ્રમ આયુકત દવારા મોકલવામાં આવેલ અનુસુચીમાં જાન્યુ–૨૦૦૯ થી નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપીત કરવા જોઈએ કે કેમ તે બાબત ન્યાય નિર્ણય અર્થે મોકલેલ હોવાનું જણાવેલું છે. રેકર્ડ જોતા જાન્યુ–૨૦૦૯ નહી પણ મદદનીશ શ્રમ આયુકત સમક્ષ કરેલ ફરીયાદમાં દર્શાવેલ છુટા કર્યાની તા.૧૭/૧૦/૨૦૧૪થી બીજા પક્ષકારને નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપીત કરવા જોઈએ કે કેમ ? તેમ હોવું જોઈએ.બીજા પક્ષકારે રેફરન્સ ઓર્ડરમાં કોઈ સુધારો કેસ હુકમ પર લેવામાં આવ્યો ત્યાં સુધી કરાવેલો નથી. જેથી છુટા કર્યાની તારીખ બીજા પક્ષકારે જે જણાવેલી છે તે અને રેફરન્સ ઓર્ડરમાં જણાવેલી તારીખમાં વિસંગતતા હોઈ પણ બીજા પક્ષકાર આ કેસ અન્વયે કોઈ દાદ મેળવવા હકકદાર, આ કોર્ટને ટર્મ્સ ઓફ રેફરન્સની બહાર જઈ ન્યાય નિર્ણય કરવાની સત્તા ન હોઈ, થતા નથી.

**(૧૧)** જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::– હુકમ –::**

**(૧)** આથી બીજા પક્ષકારનો રેફરન્સ પુરાવાના અભાવે રદ કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ: ૧૬/૦૭/૨૦૨૪.**
**સ્થળ: મોરબી.**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**પ્રમુખ અધિકારી**
**સીટીંગ મજુર અદાલત, મોરબી.**